ખાંડની આડ પેદાશનું પણ લાખો રૂપિયાનું માર્કેટ છે

બગાસ, મોલાસિસ અને પ્રેસમડ જેવી બાયો પ્રોડ્ક્ટમાંથી પણ અનેક પ્રોડક્ટ તૈયાર થાય છે

સુરત : સુગર ફેક્ટરીને દક્ષિણ ગુજરાતના ખેડૂતોની જીવાદોરી માનવામાં આવે છે. ખાસ કરીને શેરડી પકડવતા ખેડૂતોના પરિવાર તો તેના પર જ નિર્ભર છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, ખાંડસરીમાં માત્ર ખાંડનું ઉત્પાદન થાય છે પરંતુ એવું નથી. આ ફેક્ટરીમાંથી ખાંડ સાથે નીકળતી આડપેદાશો પણ આવકનો મોટો નહીં પરંતુ સારો સ્ત્રોત ગણી શકાય તેમ છે. પહેલી પેદાશની વાત કરીએ તો તે છે બગાસ જે બોઈલરમાં બળતણ, વીજળી ઉત્પાદન માટે ઉપયોગી છે તેવી જ રીતે મોલાસિસનો ઉપયોગ ઈથેનોલ અને આલ્કોહોલ ઉત્પાદન માટે કરવામાં આવે છે તો જૈવિક ખાતર બનાવવા માટે પ્રેસમડનો ઉપયોગ થાય છે.

બગાસના મુખ્ય ઉપયોગો

- સ્ટીમ અને બાયોમાસ આધારિત વીજળી (Green Energy) ઉત્પન્ન કરવામાં આવે છે.
- બગાસના રેસામાંથી ન્યુઝપ્રિન્ટ, પેપર બોર્ડ અને પેકિંગ બોક્સ (કાર્ટન) બનાવવામાં આવે છે.
- પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે બાયોડિગ્રેડેબલ પ્લેટો, બાઉલ, ચમચી અને કપ બનાવવામાં આવે છે.

બગાસની બજાર કિંમત

- ભીના બગાસના રૂપિયા ૨,૦૦૦ થી ૩,૫૦૦ પ્રતિ ટન ઉપજે છે
- સૂકા બગાસના રૂપિયા ૩,૦૦૦ થી ૪,૫૦૦ પ્રતિ ટન મળે છે
- બગાસ પેલેટ્સના રૂપિયા ૪,૫૦૦ થી ૬,૫૦૦ પ્રતિ ટન ઉપજે છે.

મોલાસિસના વિવિધ ઉપયોગ

- પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ (E20) કરવા માટે મોલાસિસ સૌથી મોટો સ્ત્રોત છે.
- ડિસ્ટીલરીઓમાં 'એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ' (ENA) બનાવવા માટે ઉપયોગ
- સુગંધિત અત્તર, બોડી સ્પ્રે અને પેઇન્ટ્સમાં કેમિકલ સોલ્વન્ટ તરીકે ઇથેનોલ ઉપયોગી છે.

મોલાસિસની બજાર કિંમત

- કાચા મોલાસિસની બજાર કિંમત રૂપિયા ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ પ્રતિ ટન મળે છે.
- ઇથેનોલની કિંમત રૂપિયા ૫૭.૯૭ થી ૬૧.૫૦ પ્રતિ લીટર ઉપજે છે.





પ્રેસમડના વિવિધ ઉપયોગ

- પ્રેસમડ કમ્પોસ્ટ (Pressmud Compost) કે પ્રેસડ્રાય કરીને જૈવિક ખાતર બનાવવામાં આવે છે.
- બાગાયતી પાકો (કેળાં, કેરી, શેરડી)એકર દીઠ 3 થી ૫ ટન જમીનની ભેજસંગ્રહ શક્તિ વધારે છે.
- પ્રેસમડમાં સલ્ફર અને સેન્દ્રિય તત્વો હોવાથી જમીનની પી.એચ. (pH) સુધારે છે.

બજારમાં આ કિંમત મળે છે

- કાચા પ્રેસમડના સુગરમિલમાંથી સીધા 300 થી ૬૦૦ રૂપિયા પ્રતિ ટન ઉપજે છે.
- પ્રેસમડ કમ્પોસ્ટ ખાતરના ૧,૫૦૦ થી ૩,૦૦૦ રૂપિયા પ્રતિ ટન ઉપજે છે.
- બ્રાન્ડેડ પ્રોમની કિંમત ૩,૫૦૦ થી ૫,૫૦૦ રૂપિયા પ્રતિ ટન ઉપજે છે.

ધમોડીમાં કાર ચાલકે બાઈકને ટક્કર મારતાં યુવકને ફ્રેક્ચર

સોનગઢ: સોનગઢ તાલુકાના ધમોડી ગામની સીમમાં ગત ૪ ઓક્ટોબરના રોજ પૂરઝડપે અને રોંગ સાઈડમાં આવી રહેલી એક કારના ચાલકે મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક સવાર ખેતમજૂર મહેન્દ્રભાઈ ચેતનભાઈ ગામીત (રહે.,હોળી ફળિયા, પેરવડ)ને બંને પગમાં ગંભીર ફ્રેક્ચર થયું હતું અને તેમની સાથે બેસેલ મેજુલભાઈને પણ ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બંનેને વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા. શરૂઆતમાં કાર ચાલક જમુભાઈ નરસિંહભાઈ ગામીત (રહે.,ગોપાળપુરા, તા.સોનગઢ)એ સારવારનો ખર્ચ આપવાની ખાતરી આપી હતી, પરંતુ લાંબો સમય વીતવા છતાં નાણાં ન ચૂકવતાં અંતે ઈજાગ્રસ્ત મહેન્દ્રભાઈએ સોનગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વ્યારા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ



વ્યારા: તાપીમાં ગઈકાલે કોંગ્રેસ શાસિત વ્યારા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ વૃક્ષાબેનના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં અગાઉની સભાની કાર્યવાહીને વાંચનમાં લઈ બહાલી આપવા સહિત વ્યારા તાલુકાના વિકાસનાં વિવિધ કામોની ગ્રાન્ટ નિયત સમયમર્યાદામાં ઉપયોગ કરવા તેમજ વિકાસલક્ષી કામોને સમયસર પૂરા કરવા તેમજ વર્ષ 2025-26ના આવક અને ખર્ચના હિસાબો મંજૂર કરવા અને 16મા નાણાપંચ અંતર્ગત તાલુકામાં વિવિધ કામો માટે ગ્રાન્ટની ફાળવણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ પંચાયત પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલા વિવિધ મુદ્દા અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખ વૃક્ષાબેનના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વ્યારા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં તાલુકા વિકાસ અધિકારી સહિત ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ સહિત ચુંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વિરપુરમાં હેરાન કેમ કરે છે કહી યુવક પર હુમલો

વ્યારા: વ્યારાના વિરપુર 'તું કેમ હેરાન કરે છે' કહી પાડોશમાં રહેતા શખ્સોએ 31 વર્ષીય યુવકને લાકડાના ફટકા મારતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મળતી માહિતી મુજબ ગત તા.3-11-2026ના રોજ રાત્રિના સાડા દસ વાગ્યાના અરસામાં દિવ્યેશભાઈ નગીનભાઈ ગામીત (ઉ.વ.31) (ઘંઘો-મજૂરી) (રહે.,વિરપુર ગામઠાણ ફળિયું, તા.વ્યારા) પોતાના ઘરે હતો. દરમિયાન પાડોશમાં રહેતા મનુ ગામીત અને તેના પુત્ર પ્રિતેશ મનુ ગામીત બંનેએ ફરિયાદી યુવકને તું કેમ મને હેરાન કરે છે? કહેતાં યુવકે ક્યાં તમને હેરાન કરું છું પૂછતાં ઉશ્કેરાયેલા પિતા-પુત્ર બંનેએ યુવકને ગાળો આપી લાકડાના સપાટા મારી ડાબા હાથમાં ફ્રેક્ચર કરીને ઈજા પહોંચાડી હતી. ત્યારે યુવકે 112 હેલ્પલાઈન પર ફોન કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આરોપી પિતા-પુત્રને વ્યારા પોલીસ મથકે ઊંચકી લાવી હતી. યુવકને વ્યારા UNM હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી. દરમિયાન એક્સ રે રિપોર્ટમાં હાથમાં ફ્રેક્ચર થયું હોવાનું માલૂમ પડતાં યુવકે ફરિયાદ કરતાં પોલીસે આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

અંત્રોલીમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણા: અંત્રોલી ગામના સાંઈનગરમાં રહેતા ફીડમ કમલેશભાઈ બાલુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯)એ તા.૩ નવેમ્બરના રોજ સવારે ૧૦:૪૫ કલાકથી તા.૪ નવેમ્બરે સવારે ૧૦ વાગ્યાના સમયગાળા દરમિયાન અગમ્ય કારણસર પોતાના ઘરે પહેલા માળે આવેલા રૂમમાં પંખા સાથે કાપડ બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ કરુણ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે મૃતકના સંબંધી ફેનીલ રાજેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) દ્વારા તા.૪ નવેમ્બરે બપોરે ૧:૧૦ કલાકે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે જાણ કરવામાં આવી હતી.

પલસાણાના અંત્રોલીમાં તાવની સારવાર લેતાં જમ્મુ-કાશ્મીરના શ્રમિકનું મોત

પલસાણા: પલસાણાના અંત્રોલીમાં એસ.કે.જી. સ્કૂલ પાસે આવેલી હરીશભાઈની બિલ્ડિંગમાં બીજા માળે ભાડાના રૂમમાં રહેતો દીપક પુરનચંદ ભડવાર (ઉ.વ.૨૩) મજૂરીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. દીપક મૂળ જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લાના ચંગ્રહ પોલીસ મથક વિસ્તારનો વતની હતો. મળતી માહિતી મુજબ છેલ્લા પાંચેક દિવસથી તેને તાવ આવતો હતો, છતાં તે દવા અને સારવાર લઈને પોતાનું મજૂરીકામ ચાલુ રાખતો હતો. કામ કરતી વખતે અચાનક તેને શ્વાસ ફૂલવા લાગતા અને ગભરામણ થતાં તે પોતાના રૂમ પર આરામ કરવા માટે આવી ગયો હતો. તેની તબિયત વધુ લથડતાં તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ તેનું મોત નીપજ્યું હતું.

કીમના ગીતાનગરમાં યુવકે ફાંસો ખાધો

કીમ: કીમના ગીતાનગર-1 ખાતે મકાન નં.106માં ભાડેથી રહેતા સુમીતભાઈ રાજેન્દ્રભાઈ આદિદ્રવીડ (ઉ.વ.22)એ તા.4 નવેમ્બરે સવારે 10 વાગ્યાના અરસામાં પોતાના ઘરના રસોડામાં પંખાની હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં તેમના ભાઈ રોહિતભાઈ રાજેન્દ્રભાઈ આદિદ્રવીડ દ્વારા કીમ પોલીસને જાણ કરવામાં આવી હતી.

પલસાણાના જોળવાથી ૨૦ વર્ષીય યુવતી ગુમ

બારડોલી: જોળવાના વાડી ફળિયામાં આર.આર. ચિકનની ગલીમાં રહેતા અને નોકરી કરતા બળવંતભાઈ બાલુભાઈ રાઠોડની ૨૦ વર્ષની પુત્રી દિવ્યા ગત તા.૨ નવેમ્બરે સવારે ઘરેથી અચાનક જતી રહી હતી. તે કોઈને પણ જાણ કર્યા વગર એક થેલામાં પોતાનાં કપડાં ભરીને નીકળી ગઈ હતી. જેની શોધખોળ છતાં પત્તો ન લાગતાં પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વ્યારા સુગર સામે ધરણાંના 34મા દિવસે ખેડૂતોએ વાઘબારસ ઉજવી



શેરડીનાં બાકી નાણાં મળે એ માટે ખેડૂતોની પ્રાર્થના

વહેલી તકે નાણાં ચૂકવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવાશે

વ્યારા: વ્યારા સુગર દ્વારા ખેડૂતોને શેરડીના બાકી નીકળતાં નાણાં માટે વ્યારા જિલ્લા સેવાસદન કચેરી પર 2 ઓક્ટોબર ગાંધી જયંતીથી સતત ધરણા ચાલી રહ્યાં છે. ગતરોજથી દિવાળીના તહેવારનું કાઉન્ટડાઉન પણ શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે ગઈ કાલે ધરણાના 34મા દિવસે ખેડૂતોએ વાઘબારસની ઉજવણી કરી હતી. ધરણા સ્થળે જ વાઘદેવની પૂજા કરી પૂંજ મૂકી ખેડૂતોને રૂપિયા વહેલા મળે તે માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

ખેડૂતોએ અનેક વખત વ્યારા સુગરના ચેરમેન સહિતના હોદ્દેદારો તેમજ તાપી જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત કરવા છતાં ખેડૂતોને શેરડીના બાકી રૂપિયા આપવામાં ન આવતાં ખેડૂતોએ એક મહિનાથી વધુ સમયથી ધરણાં કાર્યક્રમનું શસ્ત્ર ઉગામ્યુ છે અને ધરણાં પ્રદર્શનના 34 દિવસ બાદ પણ ખેડૂતોને બાકી નાણાં ચૂકવવા મુદ્દે કોઈ ચોક્કસ નિરાકરણ લાવવામાં ન આવતાં ખેડૂતો સામી દિવાળીએ નાણાંકીય કટોકટીનો સામનો કરી રહ્યાં છે. ત્યારે ગતરોજ વાઘબારસના પવિત્ર દિવસે તાપી જિલ્લાના આદિવાસી ખેડૂતોએ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા મુજબ ધરણા સ્થળ પર જ વાઘદેવની પૂજા કરી હતી. ખેડૂતોએ પૂંજ મૂકીને ખેડૂતોને પોતાની મહેનત અને પરસેવાના રૂપિયા વહેલા મળે અને પોતાના ઘરે પણ દિવાળી ઉજવાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા સુગર દ્વારા જિલ્લાના અંદાજિત 868 જેટલા ખેડૂતોને પોતાની શેરડીના બીજા અને ત્રીજા હપ્તાના અંદાજિત 7 કરોડથી વધુ રૂપિયા અનેક વખત માંગણી કર્યા છતાં આજદિન સુધી ચૂકવવામાં આવ્યા નથી.

ખેડૂતોના ઘરે આજે ભલે દિવાળીના દીવા નથી પણ ધરણા સ્થળે ન્યાય માટેની આશાનો દીવો પ્રગટાવી ખેડૂતોએ ફરી એક વખત તંત્રને ચેતવણી આપી છે કે જો વહેલી તકે નાણાં ચૂકવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

તરસાડીની શિક્ષિકાની જિંદગી મિત્રએ જ નર્ક બનાવી દીધી

મિત્રએ શિક્ષિકાનાં પહેલાં લગ્ન 16 વર્ષે, બીજાં લગ્ન બે જ મહિને તોડાવ્યાં !

કાર લઈ આવેલા માથાફરેલ મિત્રએ શિક્ષિકાની મોપેડ રોકી જાનથી મારી નાંખવાની ધમકી આપી

હથોડા: માંગરોળના તરસાડીની એક સોસાયટીમાં રહેતી અને પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકાનું જીવન તેમના ભૂતકાળના સંબંધોને કારણે નર્કસમાન બની ગયું છે. પહેલા પતિએ પત્નીને અન્ય સાથે મિત્રતા હોવાની જાણ થતાં લગ્નના 16 વર્ષે છૂટાછેડા આપી દીધા હતા. તો શિક્ષિકાએ બીજાં લગ્ન કર્યાં, પરંતુ મિત્રતામાં ખલેલ પડ્યાનું જાણી મિત્રએ બીજા પતિને ધમકાવતાં લગ્નનાં બે મહિનામાં છૂટાછેડા થઈ ગયા હતા. માથાફરેલ પહેલા મિત્રએ આટલેથી ન અટકતાં પીછો કરી મોપેડને કારથી ઉડાવવાનો પ્રયાસ કરતાં મામલો અંતે પોલીસમથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર માંગરોળના તરસાડીમાં રહેતી શિક્ષિકા છેલ્લાં ૧૪ વર્ષથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમના અગાઉનાં લગ્ન મિત્ર નરેન્દ્ર વિઠ્ઠલ ગોહિલ (રોહિત) (રહે., ઘર નં.71, આશીષ રો હાઉસ સોસાયટી, જહાંગીરપુરા, સુરત)ને કારણે તૂટ્યા બાદ અને ચીખલીના એક ગામમાં પહેલાં છૂટાછેડાનાં છ વર્ષ બાદ બીજાં લગ્ન કર્યાં હતાં. પરંતુ શિક્ષિકાના મિત્રને એ મંજૂર ન હોય એમાં બીજાં લગ્નજીવનમાં આગ લગાડવાનું શરૂ કરી દીધું હતું. અંતે બીજા પતિએ માત્ર બેજ માસમાં શિક્ષિકાને છૂટાછેડા આપી દીધા હતા. આરોપી સાથે અગાઉ મિત્રતા હતી, પરંતુ પાછળથી સંબંધો નહીં રાખવાની અદાવત રાખી આરોપી દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવી રહી છે. તા.28-10-2026ના રોજ સાંજના સમયે જ્યારે આ શિક્ષિકા પોતાની મોપેડ લઈને સોસાયટી પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે આરોપીએ પોતાની ઇકો ફોરવ્હીલ કાર નં.(જીજે-16-બીકે-4146) પૂરઝડપે લાવી તેમની મોપેડને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ ગાડી રોડ સાઇડ ઊભી કરાવીને તેમને અશ્લીલ ગાળો આપી હતી અને "આજે તો તું બચી ગઈ, બીજીવાર તને કોઈ બચાવી નહીં શકે, તને આજ ગાડીના ટાયર નીચે કચડીને પતાવી દઈશ" તેવી જાનથી મારી નાંખવાની ગંભીર ધમકી આપી હતી. આસપાસના લોકોનું ટોળું ભેગું થઈ જતાં આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. અગાઉ પણ જન્મદિવસે આરોપીએ ઘરે આવીને હોબાળો મચાવ્યો હતો અને વાહનને ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. આ અંગે અગાઉ લેખિત સમાધાન પણ થયું હોવા છતાં આરોપીની હરકતો બંધ થઈ ન હતી. આ મામલે પીડિત મહિલાએ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વાલોડનાં ગામોમાં રાત્રે ડ્રોન ઊડતા લોકો ઘર બહાર દોડ્યા

ડ્રોન ક્યાંથી આવ્યા અને શું કામ આવ્યાં એ બાબતે તર્કવિતર્ક



વાલોડ: વાલોડ તાલુકાનાં કેટલાંક ગામોમાં રાત્રિ દરમિયાન 4થી 5 જેટલાં ડ્રોન ઊડતા જોવા મળતાં ગ્રામજનો ઘરની બહાર નીકળી આવ્યા હતા અને ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જે અંગે જિલ્લા પંચાયત સભ્યએ વાલોડ પોલીસને જાણ કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

વાલોડ તેમજ વ્યારા તાલુકામાં પરમાણુ ઉર્જા પ્રોજેક્ટનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં વાલોડ તાલુકાના બેડકૂવા, ધામોદલા, કલમકુઈ, કહેર સહિત આજુબાજુનાં ગામોમાં રાત્રિ દરમિયાન આકાશમાં ડ્રોન ઊડતા નજરે પડી રહ્યાં છે. બુધવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ 4થી 5 જેટલાં ડ્રોન નજરે પડતાં લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા. આ ઘટનાને લઈ સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે કે આ ડ્રોન ક્યાંથી આવ્યા અને શું કામ આવ્યાં અને આ ડ્રોન કોણ ઉડાવી રહ્યું છે, જે અંગે પણ અનેક તર્કવિતર્ક ઊભા થયાં છે. સમગ્ર ઘટના અંગે સ્થાનિકોએ તાપી જિલ્લા પંચાયતના સભ્ય અશોક ચૌધરીને જાણ કરતા તેઓ તુરંત ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ અજાણ્યા ડ્રોન મામલે વાલોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. જાધવને લેખિત ફરિયાદ કરી યોગ્ય તપાસની માંગ કરી યોગ્ય કાર્યવાહી કરવા અંગે જણાવ્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Ramayana : Part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

વાલોડમાં પાણી સમસ્યા ઉકેલવા બોરવેલ બનાવો

દર વર્ષે ઉનાળામાં પાણીની સમસ્યા દૂર કરવા અંગે ધારાસભ્યની અધ્યક્ષતામાં બેઠક મળી



વાલોડ: વાલોડ તાલુકામાં દર વર્ષે ઉનાળામાં પાણીની સમસ્યા દૂર કરવા અંગે ધારાસભ્યની અધ્યક્ષતામાં બેઠક મળી હતી, જેમાં અધિકારીઓ સાથે ચર્ચા કરી સમસ્યાનો નિકાલ લાવવામાં આવશે.

વાલોડના ગણેશ મંદિર હોલમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી, જેમાં વાલોડ તાલુકાનાં ગામોમાં પાણીની સમસ્યા દૂર કરવા અંગે ચર્ચા થઈ હતી. આ પ્રસંગે વાલોડ તાલુકાનાં તમામ ગામોના સરપંચો, ટીડીઓ, તલાટીઓ, જિલ્લા પંચાયત સભ્ય અતુલભાઈ પટેલ (દેલવાડા) સહિત પાણી પુરવઠાના અધિકારીઓ હાજર રહ્યા હતા અને દરેક ગામના સરપંચોની રજૂઆતો સાંભળી ધારાસભ્ય મોહનભાઈએ સંતોષપૂર્વક જવાબ આપી અધિકારીઓને સૂચના આપી હતી કે જ્યાં જ્યાં અને જે-જે ગામોમાં પાણીની સમસ્યા છે ત્યાં બોરવેલ અને પાણીની ટાંકી નાની મોટી જરૂરિયાત મુજબ બનાવો. આમ હવે આ વિસ્તારની મહિલાઓએ દૂર દૂરથી માથે પાણીનાં બેડાં લાવવાની સમસ્યા દૂર થશે.

